શિવલીંગ એ બ્રહ્માંડ છે,શિવલીંગ ની નીચે વલય સ્વરૂપ ની જે પીંડી છે તે જગત છે(મહિમ્ન સ્તોત્ર મા લખ્યુ છે કે"जगत् द्विपाकारं जलधि वलयं तेन कृतमि।અર્થાત્ જગત મતલબ,સંસાર મતલબ જીવન એ તળાવ મા ઉત્પન્ન થતા વલયો જેવુ છે,અંતે તળાવ ના કિનારે વલય જેમ નષ્ટ થઇ જાય તેમ જીવન પણ મૃત્યુ ની સોડ તાણી લે છે.)અને શીવલીંગ ઉપર જે સફેદ રંગ નુ પાતળુ નાનુ કિરણ એ પરમજ્યોતી (પરબ્રહ્મ)પરમાત્મા ॐ નુ સ્વરૂપ છે તેવા બ્રહ્મ નુ મોહ-મયા,કામ-ક્રોધ, લોભ ઈત્યાદિ વાસના ઓને ત્યજી ને ધ્યાન ધરવુ જે મૃત્યુ પછી મુક્તિ આપનારૂ છે.આવા જ્યોતિસ્વરૂપ બ્રહ્મની ઊપાસના થી જીવ ને(पुन र्जन्म न विद्यते)વારંવાર જન્મ લેવો પડતો નથી.તે જીવ ખુદ બ્રહ્મ મા મળી જાય છે અને તેના સ્નેહીજનો નો વૈકુંઠ મા વાસ થાય છે.આ વાત યોગશાસ્ત્રો ના વિશારદો એ વર્ણવી છે.